# પુસ્તક પરિચય

## જીવતી જણસ

લેખક : અશોકપુરી ગોસ્વામી
કિંમત : રૂ.૧૦૦/-
પ્રકાશક :
આર.આર.શેઠની કંપની,
'દ્વારકેશ', રોયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર,
અમદાવાદ-૩૮૦૦૦૧ ફોન : (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

હું કવિતા વાર્તા અને નવલકથા લખતો હતો ત્યારે મનમાં ઘણીવાર થતું કે; મારા સાહિત્યસ્રોતનાં મૂળ જે વાતાવરણમાં પડેલાં અને પોષાયેલાં છે તે વાતાવરણ અને તે વાતાવરણમાં વસતાં, વસી રહેલાં પાત્રોને, સાચુકલા ગ્રામિણ પ્રસંગો યથાતથ લખી; નહીં નિબંધ, નહીં વાર્તા કે નહીં ચરિત્ર પરંતુ એક નવું અલાયદુ પરંતુ સરળ ચોટુંક લખી કશું હું નવું નીપજાવવું. જે ઘડીવાર એના વાંચનારને, સડસડાટ વાંચી અને બાજુમાં મૂકનારને એકવાર વિચારતો કરી દે. સામે પિરસાયેલા ભોજનને ઝડપથી ખાઈને ઓડકાર ખાઈ વામકુક્ષી કરતા વાંચકની જીભે ક્યાંય લગી સ્વરવાટ થયા કરે તેવું ઘણું છે. જો તે જે તે રૂપે-સ્વરૂપે લખાય તો... પરંતુ; આ વાતોનું સાહિત્ય... એનું સ્વરૂપ... ચાલે આવું લખાણ...? વાંચકોને ગમે ? પહોંચે મારી વાતોનું હાર્દ વાંચક મનને ? આવા કૈંક ધૂંધળા વિચારોની વચ્ચે ૧૯૯૪ના અરસામાં પ્રિય પૂજ્ય સુરેશભાઈ કહે, તું તારા ગામડાની કેટલીક વાતો ઘણીવાર અમને તારા ખેતરમાં, કે પ્રવાસમાં કે અનૌપચારિક બેઠકોમાં કરતો હોય છે તે; તું કહે બોલે છે તે શૈલીમાં 'વિચારવલોણા' માટે ન લખી આપે ?' સુરેશભાઈ સૂચન પણ કરે કે વિનંતી પણ કરે તેને ધર્માજ્ઞા માનીને કૈંક સંકોચ કૈંક અવઢવ વચ્ચે મેં ત્યારે લખી આપવા માટે 'હા' ભણી. એકાદ બે નખચિત્રો કે નખ ચરિત્રો લખી હિતચિંતક મિત્ર મહેન્દ્રભાઈને બતાવેલાં, અને 'ચાલે... ? ચાલશે...?' એવું સસંકોચ પૂછેલું. પણ અને મારા આશ્ચર્ય વચ્ચે સદાય મદદ અને માર્ગદર્શન માટે તત્પર મિત્ર મહેન્દ્રભાઈએ; 'આવું જ... આપણે જોઈએ. આ બંનેને વિચારવલોણામાં છાપીએ છીએ. તમે બીજાં લખવા માંડો.'

હું હજુય અવઢવમાં. સાચુકલાં ખરાં, સારાંય ખરાં પરંતુ સાવ સામાન્ય સાદાં અને તળપદાં પાત્રો વાતાવરણ અને પ્રસંગો આજના વાંચકોને ગમશે ? આકર્ષશે ?! આ બધું ઢોળ ચઢાવ્યા વિનાનું, હા; આ બધું લખાણ કલાઈ વિનાનું પરંતુ ઊટકેલું માંજેલું ખરું. મહેન્દ્રભાઈએ અને સુરેશભાઈએ આ ઢોળ ચઢાવ્યા વિનાનાં પર, કલાઈ ચઢાવ્યા વિનાનાં લખાણો પર ત્યારે જે રુચિ અને હરખ બતાવેલાં તે આજના આ પુસ્તક 'જીવતી જણસ'નું આરંભ બિંદુ. મને યાદ છે કે તે વરસે એક પછી એક 'વિચારવલોણા'ના અંકમાં કલ્પનાઓ કે રસોત્પાદનનાં કશાંય ઉપકરણોનો ઉપયોગ કર્યા વિના એક ગ્રામિણ જન ભણેલા વર્ગ સમૂહને કશું કહેતો, બતાવતો હોય દશેક પ્રસંગચિત્રો લખ્યા. અને તે પ્રગટ પણ થયા. તે સાથે જ એના નામકરણની વાત પણ રસ પડે તેવી વાત આપને કહું.

આ સ્મરણશૃંખલાને શું શીર્ષક હેઠળ પ્રગટ કરવી ? તેવા સંપાદક મહેન્દ્રભાઈના પ્રશ્નનો લગભગ 'સ્વરવાટ' એવો જવાબ વાળેલો ત્યારે, મને ચોક્કસ યાદ છે કે તે પણ કૈંક આવા પ્રકારની અસર જન્માવતા લખાણની આશા રાખતા હતા મારી કને. 'સ્વરવાટ' શીર્ષક અન્યોને તો નવું, તળપદું લાગેલું. ગંઠોડા કે લવીંગ મરી ચાવતાંની પળે જીભને ટેરવે તત્ક્ષણ થતા સ્વરવને મારે શબ્દ દેહ આપવો આવા પ્રસંગચિત્રો દ્વારા, આવા પાત્રો દ્વારા એવો આગ્રહ મહેન્દ્રભાઈનો ત્યારે ય હતો અને ઠેઠ સુધી રહ્યો. મિત્રો, થવું તો એવું જોઈતું હતું કે 'સ્વરવાટ' શ્રેણી હેઠળ દરેક અંકમાં આવું લખાણ આવે. જેમાં કોઈનાંય વખાણ ન હોય પરંતુ એ વાંચતાં કે વાંચ્યા પછી એ પાત્ર પ્રસંગ, એ જણ પછી તમારું પરિચિત થઈ જાય. તમે એને આ બધાંને પહેલાં ભલે નથી મળ્યા કે ઓળખ્યાં પરંતુ હવે તો તમે આ બધાંને જાણો જ છો એવું થઈને રહે છે. એ અજાણ્યાં તમારા મન મસ્તિષ્કનો કબજો લઈ લે. તમારામાં વસી જાય.

વિચારવલોણામાં 'સ્વરવાટ'નાં લખાણ સાર્વત્રિક આવકાર પામતા હતાં. ત્યારે ઘણા પત્રો, ફોન આવતા. રૂબરૂમાં ઉત્સાહિત કરે તેવા પ્રતિભાવો ખૂબ આવેલા. અને દરેક અંકે 'સ્વરવાટ' આવે જ તેવા આગ્રહો પણ થયેલાં. સામગ્રી અને બીજું ઘણું બધું હાથવગું હૈયાવગું હોવા છતાં સહુને ગમતા 'સ્વરવાટ' ત્યારે સતત ન લખાયા.આની પાછળનું એક માત્ર કારણ મારો પ્રમાદ. ત્યારે ય અને આજેય મારો અગ્રતાક્રમ સાહિત્યસર્જન છે ત્યારેય પ્રમાદ સહિતના ઘણાં બીજાં અકળ કારણોસર 'સ્વરવાટ' અને બીજાં સાહિત્યિક લખાણોનું સાતત્ય નથી જળવાયું. એક હદ સુધી આગ્રહ કરી અને ચિંતા સેવી મહેન્દ્રભાઈ અને સુરેશભાઈએ છેવટે 'સ્વરવાટ' પુસ્તિકા પ્રગટ કરી, ભવિષ્યમાં કે હજુય આવું હું લખું. આવું સ્વરવાટ પેદા કરે તેવાં લક્ષણો અસરોવાળુ લખાણ લખું તો એ છાપવાની તથા સ્વરવાય ભાગ બીજો પ્રગટ કરવાની વાત પણ તે વેળા કરેલી. પરંતુ કશુંય સાતત્યપૂર્ણ ન કરી શકવાની ન થઈ શકવાની મારી મર્યાદાને આ બંને મારા હિતચિંતકોએ પણ ભારે

મનથી સ્વીકારી. મને પોતાને પણ આ પ્રકારનું લખાણ લખવું ગમે છે તેનું પ્રમાણ બીજા 'રવરવાટ' ઉપજાવે તેવા પ્રસંગો, નખચિત્રો કે નખચરિત્રો તે પછી 'નવનીત સમર્પણ', 'વિ' અને અન્યત્ર છૂટક છૂટક છપાયા.

કૈંક હકારાત્મક અને ભલમનસાઈના ગુણવિશેષોને છતા કરતાં આ લખાણોને એની રવરવાટ નામે પ્રગટ થયેલી પુસ્તિકાને ચિરપરિચિતોની સાથે ઓછા જાણીતાઓએ અજાણ્યાઓએ ત્યારે જે ઓછાવાનાં કરેલાં તેનો ત્યારે મને અચંબો થયેલો. મને સ્વયંને એ વિચારવા પ્રેરતું કે; એવું તે શું છે આ સીધાં સાદાં રવરવાટના આ લખાણોમાં જે આટલાં બધાં સર્વસ્વીકૃત થાય છે. એમાંય લોકશિક્ષક અને મૂર્ધન્ય સાહિત્યકાર આદરણીય મનુભાઈ પંચોલીએ તો સુરેશભાઈને પત્ર લખીને 'રવરવાટ'ના લખાણ અને એના લેખકનું ગુજરાતી સાહિત્યમાં 'સ્વાગત' એમ લખ્યું ત્યારે મને થયું કે આ બધી વાતોમાં, આ પાત્રો, પ્રસંગોમાં દમ છે. એ... એ... બધાં જીવતરના બરનાં છે અને હવે જીવી જવાનાં. મિત્રો, કાળના પ્રવાહમાં ટકી આ બધાં આજે 'જીવતી જણસ' નામે તમારી સમક્ષ મુકાયાં છે તેની ભૂમિકા આટલી લાંબી વાત કરી હવે આ પુસ્તક નીરુપાયેલા પચ્ચીસેક પ્રસંગોની પાછળ રહેલા મારા મનોભાવની ટૂંકમાં વાત કરું.

જીવનમાં શું બનવાનું છે તેના પર આપણો અંશ માત્રકાબુમાં નથી. અનુકૂળતામાં સ્વસ્થ શાંત અને ઉદાત્ત રહેનાર માનવચિત્ત જો પ્રતિકૂળતામાં ય તેવું રહે તો તેને 'ગજવેલ'નું મનાય. અસ્થિરતાની વચ્ચે સ્થિર હોવું, અસલામતીની વચ્ચે સલામતીનો ન માત્ર અનુભવ કરવો બલ્કે અન્યોન્ય અનુભવ કરાવવો તે આ લખાણોનો ધ્વનિ છે. અને, મને લાગે છે તે ધ્વનિને અકબંધ રાખતું આલેખન થયું છે. વિચારવલોણામાં રવરવાટ લખતા હતા ત્યારે સાહિત્યિક મિત્રો મણિલાલઅને જોસેફભાઈ જેવાઓએ; 'આ પ્રસંગ અને પાત્રોની સારી ટૂંકી લાંબી વાર્તાઓ બની શકે એમ છે અશોક. તમે ક્યાં આવું...? વિચારો.' એવી સલાહ આપેલી. પરંતુ મારે આ જ તો કરવું હતું. આ જ તો લખવું હતું.

'જીવતી જણસ' સ્મરણશૃંખલામાં રવરવાટના દરેક પ્રસંગો સમાવી તો લીધા જ છે પરંતુ તેનો એક ક્રમ જાળવ્યો, સાચવ્યો છે. એના લેખનમાં મારા બચપણથી લઈ આજના સમયને રેખાંકિત કરતા પ્રસંગો સાંકળી લઈ મારાં જીવનની દરેક અવસ્થાએ મને સ્પર્શી ગયેલાં, વસી, વરસી ગયેલાં કેટલાકપાત્રો, પ્રસંગોને પણ 'જીવતી જણસ' પુસ્તકમાં સમાવ્યાં છે. મારા જીવન સિવાયના અન્ય પ્રસંગોનાં મુખ્ય પાત્રો અમે પતિ-પત્ની નથી, અમે તો કેવળ સહાયક પાત્રો તરીકે કે તેમના પ્રવક્તા તરીકે તેમની વાતો કરી રહ્યાં છીએ. નાના જરાય નહીં છતાં પોતાને મારા તમારા અને આપણાથી લઘુતા અનુભવતા માણસો અને પાત્રોની મોટા મનની અને સાચી સમજની આ બધી ઘટનાઓ છે. આનાં લગભગ પાત્રોને મારા અભિન્ન મિત્રો મુરબ્બીઓ જાણે છે, ઓળખે છે. એટલે આ બધું કાલ્પનિક, કપોળકલ્પિત કે અતિશયોક્તિભર્યું નથી. એટલે એને ફિક્શન નહીં ગણતાં ફેક્ટ ગણવા માનવા એના લેખક તરીકે હું આપને ગુજારીશ કરીશ. પોતાના જીવનના નાનકડા વર્તુળમાં રહીને પણ પોતાના અને અન્યના જીવનને સહાયક થવાય છે તેવું આ લખાણો લખતાં મને પ્રતિત થયું છે, જે તમને ય વાંચતા પ્રતિત થશે જ.

જીવતી જણસ પુસ્તકના દરેક પ્રસંગ કે પાત્ર વિષે અત્રે વાત કરવાનું ટાળી આ પ્રસંગોમાં એક, સ્થાયી નિવાસ કરનાર, અને બીજો જીવન ગુજારવા સતત વિચરણ કરનાર, એવા બે ભાગ કરી બંને વર્ગના જીવનને અલગ અને એકમેક સાથે સાંકળી તેમાંથી ઉભી થતી શખ્સિયતને જન્માવવાનો પ્રયત્ન કર્યો છે. આજના ઝડપથી બદલાતા સમયમાં આ નહીં બદલાયેલા, હજીયે નહીં બદલાતા લોકો પાસે આપણે થોભવું શીખવું કે અનુસરવું પડે તેવું તેમના સહજ વ્યવહારોથી એના લેખક તરીકે મને પમાયું છે. અહીં જે તે સ્થિતિ અને પરિસ્થિતિનો સ્વીકાર કરી આ પાત્રોએ જીવનનો, જીવાતાં જીવનનો સ્વીકાર કર્યો છે. ક્યાંય બખાળા, બળાપા કે કકળાપા નથી. તો કોઈ દૈવી સહાય કે આસમાની સુલતાનીના અનુભવો કે ચમત્કારો અને આશીર્વાદ થકી તે અને તેમનાં જીવન બદલાયાં હોય તેવું ય ક્યાંય નથી. આ બધાં જે છે, જેમના તેમ યથાતથ આલેખ્યાં છે કેમકે તે આજેય તેવાં જ છે. આ હાર્દ છે. કદાચ આ જ આ પુસ્તક લખવાનો મારો હેતુ છે. તેથી જ આ પુસ્તકમાંનો ઈશ્વર અને મથુરી, ગોકળ રાત અને ભગા ગોકળ, વા'લા ચૂંથા અને મગન જેંણા તમને ઓળખાવી શક્યા. મને અને અનસૂયાને ઓળખતાં જાણતાં આપ મારાં સ્વજનો, મારાં આ સ્વજનોને પણ ઓળખી જાણી શક્યાં. મારા દાદા, મારા મણિમામા મારાં બા બાપુજી એ બધાંને ભલે તમે બધાંયે નથી જોયાં, જાણ્યાં છતાં આ લખાણોથી તમે એમને ઓળખીને જ અમને મને અને અનસૂયાને જાણી પ્રમાણી શક્યાં છો, જાણી પ્રમાણી શકો છો. કેમ કે એમનાથી મારા પોતાના અને મારા પરિવારનાં કદ, કાઠી, આકાર બંધાયાં છે. એમના થકી અમે ઓળખાયાં છે. મિત્રો, એ બધાં હજીયે મારા અને મારી પત્નિમાં જીવે છે, ધબકે છે આજેય. એ બધાં વીગત થઈ ગયાં હોવા છતાં અમારો ચાસ કે ચીલો તેઓ ચાતરવા દેતાં નથી. એક અજાણી નાથ ખેંચાય છે અને અમને બેફામ કે બેકાબુ બનતાં અટકાવે છે કોઈ અગોચર તત્ત્વ. અમારા જીવન અને પરિવારજનો સિવાયના અન્ય પાત્રો પ્રસંગોમાંય કેટલાક અજાણ્યા જણ પરિચિત અમલદાર, શિક્ષક સાહિત્યકારમિત્ર વગેરેનાં સહજ વલણ વર્તાવ અને વ્યવહાર અહીં આલેખાયા છે. મારાં સ્વજનો અને આ બધાંના ઉમદા અને

ઉજળાં પાસાંને ફોકસ કર્યાં છે મારા પુસ્તક 'જીવતી જણસ'માં. આ બધાંના સહજ વ્યવહારો થકી જીવાતાં વિશે શ્રદ્ધા મારી વધી છે, ટકી છે. અને બળ પણ મળ્યું છે સર્વ પ્રતિકૂળતાઓમાં.

એક સામાન્ય ગ્રામિણ ખેડૂત કરતાં જરાય નથી વધુ મારી અમારી સમજ. વ્યક્તિ તરીકે હું રફ કહેતાં કકરો, તડફડ કહેતાં તોછડો, અને ઉતાવળો કહેતાં અધિર છું છતાં તમારી બધાંની વચ્ચે મારું અમારું હોવું, તમો બધાંએ અમારો કરેલો સ્વીકાર એ મને મળેલું ઇશ્વરીય વરદાન છે. તમારી ઉદારતા, શાલીનતા અને ભદ્રતાએ હું કેવો હતો અને આજે કેવો છું એનું સતત ભાન કરાવી મને જીવતરના બરનો બનાવે છે. કપૂરના કોગળા કરું તેવા વૈભવવાળા મારા ઉછેરમાં ય આપ સહુના હેતના ઘૂંટડાંથી જ મારું કવિ લેખકનું કદકાઠું ઘડાયું છે.

અહીં લગભગ બધું જ અમારું અંગત યથાતથ મૂકાયું છે. પરંતુ આ બધાંની સાથે જે તે સમજ જે તે સમયે પમાઈ અને જણસ બની છે તે પ્રગટ કરવાનો આ પુસ્તકનો એકમાત્ર હેતુ છે. આ સ્મૃતિશ્રૃંખલામાં આ સ્મરણકથાઓમાં, આ પ્રસંગસંગ્રહમાં કોઈ ખાસ વ્યક્તિ, કોઈ વિશિષ્ટ જણ કે જીવિત કે મૃત સ્વજન, સગાં 'જીવતી જણસ' નથી. પરંતુ પ્રસ્તુત પુસ્તકમાં આલેખાયેલી પચીસ સ્મરણકથાઓમાં નિરુપાયેલો અસબાબ, મારું વાતાવરણ,' મારી સર્જકસૃષ્ટિ, મારી પરંપરાઓ, મારા સંસ્કાર સર્વ મારી 'જીવતી જણસ' છે. એ અન્ય જણસોની જેમ દેહ પર ધારણ કરવાની જણસો નહીં પરંતુ જીવતાં જીવનમાં સંભારણરૂપ બનીને ધારણ થઈ ગયેલી, આત્મસાત થઈ ગયેલી અને હૃદયમાં આસનસ્થ થઈ ગયેલી જણસો છે. જેનાથી મેં મને ઓળખ્યો જાણ્યો છે તમારા સહુની જેમ.

ચપટી મીઠું ફિક્કા ભોજનને મીઠું કરે તેવી સમજ મને આ પાત્રોની જીવાતાં જીવનમાંથી પમાઈ છે. આ સર્વ પાત્રો પ્રસંગો તેમની મધુરપોને જે રીતે મધુર કરે છે. મધુરપ આપણને મોહિત કરે છે. બંધ ઘરનાં કમાડની તિરાડમાંથી બળજબરીપૂર્વક પેસી જતાં સૂરજ કિરણો કે છાપરાંનાં નળિયામાંથી છાનામાનાં આવી જતાં ચાંદરણાં કે નહીં દેખાતા ડમરાની હવા સંગે વહી આવેલી લહેરખી જેમ મનને ડોલાવે તેવું મને 'જીવતી જણસ' પુસ્તક લખતાં થયું હતું. તમને ય એવો અનુભવ આ પુસ્તક વાંચતા થશે. થવાનો. હા તેવો જ અનુભવ તમને ય થવો જોઈએ. ■

## Book Lover's Forum (Gujarat)

### Membership Form

Name :

Date of Birth :

Residence Address (Permanent) :

PIN :

Office Address (Local) :

PIN :

Phone No. : (R) (O)

Mobile No. :

Email ID :

Educational Qualification :

Occupation :

Date :

Signature :

# પુસ્તક પ્રેમી પરિવાર (ગુજરાત)

ગુજરાત મધ્યે આણંદ-વિદ્યાનગર સ્થિત પુસ્તક પ્રેમી પરિવાર એક અનૌપચારિક લવચિક તથા બિન નોંધાયેલું વિદ્યાર્થીઓ, શિક્ષકો, ઉદ્યોગપતિઓ અને નાગરિકો દ્વારા સાકાર થયેલું એકમ છે. જેને સમયનો અભાવ છે, તે છતાં વાચવા-વિચારવા અને સ્વસ્થ જીવનશૈલી ગોઠવવા હંમેશા તત્પર રહે એવી વ્યક્તિની વાચન-વિચાર ટેવોને પોષવી-સક્રિય કરવી આ એકમનો મુખ્ય ઉદ્દેશ છે. એ દૃષ્ટિએ કાર્યરત એકમ મહિનામાં એક પુસ્તકનો પરિચય કરાવવાનો કાર્યક્રમ આયોજિત કરે છે. આવું મૈત્રી સભર એકમ રસ ધરાવતા આશરે ૨૫ જેટલા સભ્યોથી સ્વતંત્રપણે કાર્યરત થઈ શકે અથવા પુસ્તક પ્રેમી પરિવારની પેટા શાખા તરીકે સાકાર થઈ શકે. અન્યથા એવા સંજોગોમાં કોઈ સમૂહને આ પ્રકારની પ્રવૃત્તિના આયોજન માટે આવશ્યક સઘળી મદદ કરવાની નેમ ધરાવે છે. આવું એકમ કોઈપણ સ્થળે અને સ્થાને કાર્યરત થઈ શકે. જેમ કે; શાળાઓ, મહાવિદ્યાલયો, અનુસ્નાતક કેન્દ્રો, રાષ્ટ્રીય સમૂહ આયોગ, યુવા કેન્દ્રો કે ઔદ્યોગિક એકમો વગેરે. વ્યક્તિગત અથવા સંસ્થાકીય આયોજન કરવા, વિશેષ માહિતી મેળવવા સંપર્ક સાધવા આવકાર છે...

આ સંસ્થાની કોઈ સભ્ય ફી નથી. શુભેચ્છક-સહભાગી મિત્રો પાસેથી રૂ.૧૦૦/- થી રૂ. ૫૦૦/-નો આર્થિક સહયોગ સ્વીકાર્ય છે. રકમ મનીઓર્ડરથી અથવા 'સુરેશ પરીખ'ના નામે બેંકડ્રાફ્ટથી મંત્રીશ્રી કલ્પેશ જોષીને મોકલવી. શરૂઆતમાં થોડાક સમય માટે નીચેના મિત્રો જવાબદારી સંભાળશે. રસ ધરાવનાર સૌ ભાઈ-બહેનોને અનુકૂળતા મુજબ તેમનો સંપર્ક કરવા હાર્દિક આમંત્રણ છે.

– સુરેશ પરીખ

**કાર્યવાહક સમિતિ :**

| | |
|---|---|
| શ્રી સુરેશ પરીખ, પ્રમુખ | ૯૮૨૫૮ ૫૨૭૦૨ |
| શ્રી પરેશ શાહ, ઉપપ્રમુખ | ૯૮૨૪૩ ૧૨૮૭૦ |
| શ્રી રેખા પટેલ, ઉપપ્રમુખ | ૯૪૨૭૦ ૪૨૯૯૫ |
| શ્રી એસ.કે. ઉપાધ્યાય, સહમંત્રી | ૯૮૨૫૫ ૮૪૧૩૨ |
| શ્રી હિનલ આર. શાહ, ખજાનચી | ૯૭૨૭૫ ૫૪૮૪૮ |

**શ્રી કલ્પેશ જોષી**
મંત્રી
બી-૨૯, જીસેટ ક્વાર્ટર્સ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
મો. ૯૭૧૨૧ ૯૭૦૮૪

---


પ્રકાશક
કલ્પેશ જોષી
મંત્રી, પુસ્તક પ્રેમી પરિવાર (ગુજરાત)
બી-૨૯, જીસેટ ક્વાર્ટર્સ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
મો. ૯૭૧૨૧ ૯૭૦૮૪

ટાઈપસેટીંગ અને મુદ્રક
લજ્જા કોમ્યુનિકેશન્સ
બીજે માળ, સુપર માર્કેટ, રાજેન્દ્ર માર્ગ,
નાના બજાર, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
ફોન. : (૦૨૬૯૨) ૨૩૩૮૬૪


**BOOK-POST**

PRINTED MATTER

TO : ______________________

______________________

______________________

______________________

PIN : ☐☐☐☐☐☐